આજકાલ
Dt. 19 - 9 - 2017, Tuesday
દેશ-પરદેશની આજકાલ

# એચ.જે. દોશી હોસ્પિટલમાં ૮ વર્ષના બાળકની શ્વાસનળીમાંથી પેન્સિલ કેપને દૂરબીન વડે કાઢવાનું જોખમી ઓપરેશન



**રાજકોટ**

પર્વકુમાર અધ્વર્યુ (ઉ.વ.૮, રહે.ગોંડલ) નાના બાળકને શાળામાં અચાનક જ લખતી વખતે કોઈ કારણસર પ્લાસ્ટિક પેન્સિલની કેપ મોઢામાં જતી રહી હતી જેને તે બહાર ન કાઢી શકતા, ગળતી વખતે શ્વાસનળીમાં જતી રહી હતી અને તુરંત જ તેને ઉધરસ આવવા લાગી હતી જેથી શિક્ષકે તુરંત જ તેના માતા-પિતાને જાણ કરીને બાળકને હોસ્પિટલ લઈ જવા કહ્યું હતું. ગોંડલમાં એક પ્રાઈવેટ હોસ્પિટલમાં બતાવતા, ડોકટરને ગંભીરતાની જાણ થતાં પ્રાથમિક સારવાર આપીને તુરંત જ બાળકને રાજકોટ લઈ જવા કહ્યું હતું. રાજકોટ એચ.જે. દોશી હોસ્પિટલમાં આવતાં જ ફેફસાના નિષ્ણાત ચેસ્ટ ફિઝિશ્યન ડો.યજ્ઞેશ પુરોહિતે બાળકની તપાસ કરીને ઈમરજન્સી સિટી સ્કેન કરાવતાં પેન્સિલ કેપ બાળકની જમણી બાજુની શ્વાસનળીમાં હોવાનું જણાયું હતું અને રાત્રે ૧૨ વાગ્યે ડો.યજ્ઞેશ પુરોહિતે ઈમરજન્સી ઓપરેશન કરી એનેસ્થેટિસ્ટ ડો.ભરત રાવલિયાની સાથે મળીને ખુબ જોખમ સાથે દુરબીન (ફ્લેક્ષીબલ વિડીયો બ્રોન્કોસ્કોપ) વડે કોઈ પણ જાતની કોમ્પલીકેશન વગર પ્લાસ્ટિક કેપ બહાર કાઢી હતી અને બીજા દિવસે સાંજે તો બાળક સંપૂર્ણ સ્વસ્થ થઈ જતાં રજા પણ આપી દેવાઈ હતી.

Scanned by CamScanner